

# અનુપમની હે અમૃતધારા...!

~ સદ્‌ગુરુ સંત પરમ પૂજ્ય અશ્વિનદાદા

'શ્રીમદ્ ભગવદ્ ગીતા' પારાયણ,

અનુપમ મિશન, ઉપાસનાધામ, અમદાવાદ, ૨૭ જાન્યુઆરી ૨૦૧૮

(ગતાંકથી આગળ...)

**અત્યાર** સુધીની કથામાં આપણે ત્રણ અધ્યાયનો સ્વાધ્યાય કર્યો. અર્જુનના વિષાદયોગથી શરૂ થઈને કર્મયોગની વાતને આપણે સમજ્યા. ભગવાને અર્જુનને એનો ધર્મ-સ્વધર્મ બજાવવાની વાત જુદી જુદી રીતે સમજાવી, પણ એ તો હજુ શરૂઆત છે. અર્જુનને ઘણું સમજાવવું પડે એમ છે. અને અર્જુન એટલે કોણ ? આપણે બધા. આપણે બધાને ઘણું સમજવાનું છે.

ચતુર્થ અધ્યાયનું નામ છે : જ્ઞાન-કર્મ-સંન્યાસ-યોગ. જ્ઞાન સહિત કર્મ કરીને કર્મફળની આસક્તિરહિત થવું એ પ્રકારનો સંન્યાસ શીખવાની વાત ભગવાન શ્રી કૃષ્ણ અર્જુનના માધ્યમ દ્વારા આપણને સર્વને શિખવાડી રહ્યા છે, સમજાવી રહ્યા છે અને સાથે સાથે પોતાની કરુણા પણ વરસાવી રહ્યા છે. 'ગીતા'ની વાત આપણે સૌ જાણીએ છીએ કે, ભગવાને અર્જુનને કહ્યું કે, 'તારા મનથી માનેલા બધા ધર્મો-સ્વધર્મો મૂકીને મારે શરણે આવ.'

શ્રી ભગવાન ઉવાચ : *'આ અવિનાશી યોગ મેં વિવસ્વાનને (સૂર્યને) કહ્યો હતો. વિવસ્વાને મનુને અને મનુએ ઈક્ષ્વાકુને કહ્યો હતો.'* અર્જુન જે કુળમાં જન્મ્યા છે તે આખી કુળપરંપરાની વાત ભગવાન અર્જુનને કહે છે અને કહે છે કે, *'એ જ આ પુરાતન યોગ વિષે ઉત્તમ રહસ્યની વાત હોવાથી, મેં આજે તને કહ્યો છે, કારણકે, તું મારો ભક્ત છે અને સખા પણ છો.'*

એટલે સ્વાભાવિક રીતે અર્જુન પ્રશ્ન કરે છે કે, *તમારો જન્મ તો હમણાં થયો અને વિવસ્વાનનો જન્મ તો પૂર્વે થયેલો. તેથી હું કેમ જાણું કે, તમે સૌથી પહેલાં આ યોગ વિવસ્વાનને કહ્યો હતો ?* અર્જુને પ્રશ્ન પૂછ્યો કે, 'આપણે બંને તો એક સમયમાં છીએ અને આ તો મારા બાપાઓ-દાદાઓના સમયની વાત છે. તમે આજે મને આ યોગ શિખવાડી રહ્યા છો, તો મારા બાપાઓ-દાદાઓને ક્યાંથી શિખવાડ્યો હોય ?' આ છે ભગવાનના સ્વરૂપને વિષે મનુષ્યનો ભાવ. અને ભગવાન આગળ સમજાવશે કે, 'હું તો અનાદિ ને અનંત છું.' સ્વાભાવિક આપણને બધાને આ પ્રકારના પ્રાથમિક પ્રશ્નો થાય છે. મેં હમણાં જાણ્યું, મને હમણાં ખબર પડી, મારો આટલો અનુભવ છે, તમને આટલું ડહાપણ મારા કરતાં વધારે ક્યાંથી ? એમ આપણે હંમેશાં સામાને દલીલ કરીએ છીએ.

અર્જુનનો બહુ પ્રામાણિક પ્રશ્ન છે. તે વર્તમાનકાળની વાત કરે છે, હું અને તમે અત્યારે છીએ તે હકીકતની વાત કરે છે. એટલે ભગવાન કહે છે, *'હે અર્જુન ! મારા અને તારા પણ ઘણા જન્મો વીતી ગયા છે. એ બધાને હું જાણું છું. પરંતુ હે પરંતપ ! તું જાણતો નથી.'* અહીંયાં જીવ અને ઈશ્વરની વાત ભગવાને સમજાવી કે, મારા પણ અનેક અવતાર થઈ ગયા અને તેં પણ લખચોરાશીમાં અનેક જન્મો ધર્યા છે, તે બધાને હું જાણું છું. તારા જન્મોને હું જાણું છું, પણ મારા જન્મોને તું જાણતો નથી.

*હું અજન્મ, અવિનાશી અને વળી ભૂતમાત્રનો ઈશ્વર હોવા છતાંય મારા સ્વભાવનો આધાર લઈને, મારી યોગમાયાથી જન્મ ધારણ કરું છું.*

*હે ભારત ! જ્યારે જ્યારે ધર્મની પડતી થાય છે, અને અધર્મ ફેલાય છે, ત્યારે હું પોતે જન્મ લઉં છું.* 'ગીતા'નો આ બહુ જ જાણીતો શ્લોક છે -

*યદા યદા હિ ધર્મસ્ય, ગ્લાનિઃ ભવતિ ભારત ।*

*અભિ-ઉત્થાનમ્ અધર્મસ્ય તદા આત્માનમ્ સૃજામિ અહમ્ ॥*

*પરિત્રાણાય સાધૂનામ્ વિનાશાય ચ દુષ્કૃતામ્ ।*

*ધર્મ-સંસ્થાપન-અર્થાય સમ્ભવામિ યુગે યુગે ॥*

*સાધુઓનો ઉદ્ધાર કરવા, દુષ્ટોનો નાશ કરવા, અને વળી ધર્મની ફરી સ્થાપના કરવા, હું યુગે યુગે જન્મ ધારણ કરું છું.*

*મારા જન્મ અને કર્મ દૈવી છે, એમ જે તત્ત્વથી જાણે છે, એ આ દેહને ત્યજીને પુનર્જન્મને નથી પામતો, પરંતુ, હે અર્જુન ! એ મને જ પામે છે.*

*ભક્તો જે પ્રમાણે મને ભજે છે, તે પ્રમાણે હું તેમને ફળ આપું છું. હે પાર્થ ! બધાં જ મનુષ્યો મારા જ નિયમોનું અનુકરણ કરે છે.*

ભગવાને પોતે પોતાના મુખે પોતાનો જન્મ ધરવાનો હેતુ અહીંયાં અર્જુનના માધ્યમ દ્વારા જણાવ્યો છે. ભગવાન, ભગવાનના અવતાર, ભગવાનના સંતો જે કાર્ય કરવા માટે આ પૃથ્વી પર પંચભૂતનું શરીર ધારણ કરીને આવે છે, તેઓ દેખાય છે આપણા જેવા, તેઓ વર્તે છે આપણી રીતે, પરંતુ તેમનો જે જન્મ ને કર્મ છે તે દિવ્ય છે, દૈવી છે અને એને એવી રીતે જે દૈવીભાવથી જાણે છે એનો પણ છેલ્લો જન્મ થાય છે; એટલે કે, એ પુનર્જન્મને પામતો નથી.

ભગવાને પોતાને વિષે અને અર્જુનને વિષે શું ભેદ છે એ જે જણાવ્યું છે તેને અનેક શ્લોકોના માધ્યમ દ્વારા વ્યાસમુનિએ અહીંયાં જણાવવાનો પ્રયત્ન કર્યો છે. પણ, જ્ઞાન-કર્મ-સંન્યાસ-યોગના આ પ્રકરણમાં ફરીફરીથી કર્મયોગની વાતને ભગવાન સ્પષ્ટ કરીને કહે છે કે, *'કર્મફળનો સંગ ત્યજીને જે સદાય સંતોષી છે અને જૂઠી આશાઓથી મુક્ત છે, તે કર્મો કરવા છતાંય કશું કરતો નથી.'* પોતાની સ્થિતિ અને પોતાના પરમભાવને જે પામે છે તેની સ્થિતિ કેવી થાય છે તેમ પણ પ્રભુ ધીરધીરે સમજાવતા જાય છે.

*જેણે જૂઠી આશાઓનો ત્યાગ કર્યો છે, અને જેનું મન સંયમમાં છે, જેણે બધાં જ પરિગ્રહનો ત્યાગ કર્યો છે, અને જેનું શરીર જ માત્ર કર્મ કરે છે, તે કર્મ કરવા છતાં પણ પાપને નથી પામતો.* આમ કહેવાનું કારણ, ભગવાને એમ કહ્યું કે, 'મારા જન્મ ને કર્મને દિવ્ય માનજે.' પણ ભગવાનના જન્મ ને કર્મને દિવ્ય માની શકાતાં નથી. ભગવાન શ્રી કૃષ્ણની કથા આપણે સૌ જાણીએ છીએ. જેઓ રાત-દિવસ યજ્ઞ કરતા હતા તેવા ઋષિમુનિઓએ પણ એમને 'ગોવાળિયો' ગણ્યો. એટલે કે, ગોપ-ગોપીજનો સાથે વ્રજમાં એમણે જે બાળલીલાઓ કરી, તે જોઈને જેઓ ભગવાનને પામવા માટે સતત યજ્ઞ કરી રહ્યા હતા, તપ કરી રહ્યા હતા તેવા ઋષિમુનિઓ પણ ભગવાનના સ્વરૂપને ઓળખી શકતા નથી. એનું કારણ, એમને વિષે મનુષ્યનો ભાવ લાવે છે. જે આપણા બધાનો પ્રશ્ન છે, કારણ કે, આપણે મનુષ્ય છીએ. અને આપણે કાંઈ ને કાંઈ આશા ને આસક્તિથી અને 'જે ભક્ત જે પ્રમાણે મને ભજે છે તે પ્રમાણે હું તેમને ફળ આપું છું.' એવું ભગવાને કહ્યું છે એટલે એવું મનવાંછિત ફળ મેળવવા માટે આપણે ભગવાનને ભજતા હોઈએ છીએ.

ભગવાન મુક્તિની વાત કરે છે અને એવું જેને પામવું છે તેને કર્મનું બંધન ના થાય-કર્મનો પાશ ના લાગે તે વાત ભગવાન કહે છે. કારણ કે, મૂળ હેતુ તો એમનો નરમ પડેલા, ઢીલા થયેલા, યુદ્ધ નહિ કરવાનો વિચાર કરીને બેસી ગયેલા અર્જુનને ઊભો કરવાનો છે; એટલે કર્મની વાત વારેવારે કરે છે, 'યુદ્ધ કર' એ વાત પણ વારેવારે કરે છે. અર્જુને પોતાની સમજણ પ્રમાણે 'આ પિતામહને મારીશું તો પાપ લાગશે' એ જે વાત કરી હતી તે વાતની પણ ભગવાન અહીંયાં સ્પષ્ટતા કરે છે કે, 'જેણે જૂઠી આશાઓનો ત્યાગ કર્યો છે, અને જેનું મન સંયમમાં છે, જેણે બધાં જ પરિગ્રહનો ત્યાગ કર્યો છે, અને જેનું શરીર જ માત્ર કર્મ કરે છે, તે કર્મ કરવા છતાં પાપને નથી પામતો.'

*'જે અનાસક્ત છે, જેની બુદ્ધિ જ્ઞાનમાં સ્થિર છે અને યજ્ઞને માટે જ વ્યવહાર કરે છે, એવા મુક્ત પુરુષના બધાં જ કર્મોનો નાશ થઈ જાય છે.'* આ અધ્યાયમાં ભગવાન અર્જુનને વારેવારે પોતાનો સ્વધર્મ સમજાવીને સાથે સાથે જ્ઞાન પણ આપતા જાય છે. અને એ જ્ઞાન માટેની બહુ સુંદર વાત જે આપણે સૌએ આ શ્લોકને સાંભળ્યો છે : *શ્રદ્ધાવાન્ લભતે જ્ઞાનમ્ તત્-પરઃ સંયત-ઇન્દ્રિયઃ ।* શ્રદ્ધાવાન, ઈશ્વરપરાયણ, સંયમી આ મારા જ્ઞાનને પામે છે અને આ જ્ઞાનને પામીને તુરત જ પરમ શાંતિ પામે છે. અર્જુનને પણ એમ કહેવા માગે છે કે, તું પણ આ જ્ઞાન શીખ, તો તું પણ આ જ્ઞાનરૂપી અગ્નિમાં બધાં જ કર્મોને બાળીને ભસ્મ કરી નાખીશ. અને કર્મો કર્યાં હોવા છતાં પણ એ કર્મનો પાશ તને નડશે નહિ.

*તેથી હે ભારત ! તારા હૃદયમાં અજ્ઞાનતામાંથી ઉત્પન્ન થયેલી શંકાનો, આત્મજ્ઞાનરૂપી તલવારથી નાશ કરીને, સમત્વભાવ રાખીને ઊભો થઈને યુદ્ધ કર.* ભગવાને જે શબ્દો વાપર્યા છે : *આતિષ્ઠ, ઉત્તિષ્ઠ ભારત !* અર્જુનને ભારત તરીકે સંબોધિત કરીને - જેનાં ગાત્રો ઢીલાં પડી ગયાં હતાં, જેણે પોતાનું સમજેલું જ્ઞાન લગાડીને યુદ્ધ નહિ કરવાની વાત કરી હતી તેને ભગવાન આ જ્ઞાન-કર્મ-સંન્યાસ-યોગના માધ્યમ દ્વારા કર્મફળનો ત્યાગ કરવાની વાત સમજાવે છે. *હે ધનંજય ! જેણે સમત્વ યોગ દ્વારા કર્મફળનો ત્યાગ કર્યો છે અને જ્ઞાન દ્વારા શંકાઓનો નાશ કર્યો છે, એવા આત્મજ્ઞાનીને કર્મો બંધનરૂપ થતાં નથી.* ભગવાને ભક્તિની વાત પણ સમજાવી, કર્મની વાત પણ સમજાવી, અને ભગવાને અહીં જ્ઞાનની વાત પણ સમજાવી.

ગઈ કાલે જે ત્રણ અંગની વાત કરી હતી. કોઈ સમજણથી ભગવાનની સાથે, ભગવાનના સંતની સાથે, ગુરુ સાથે પોતાનો સંબંધ બાંધે છે. કોઈ પ્રીતિથી ભગવાનની સાથે પોતાનો સંબંધ જોડે છે. અને કોઈ કર્મ દ્વારા એટલે કે સેવા દ્વારા વિશ્વાસથી પ્રભુનું શરણું સ્વીકારે છે. ભગવાન અહીંયાં અર્જુનને આ જુદા જુદા માર્ગોથી 'મારામાં જોડા, મારામય થા અને મને જ પામ...' એ ત્રણ પગથિયાં બહુ સુંદર રીતે જુદા જુદા અધ્યાયમાં સમજાવે છે.

જ્યારે 'મારામય' થાય છે ત્યારે અંતે એમ કહેવાય છે કે, જેવા ગુરુને તમે સેવ્યા હોય તેવા રૂડા ગુણો તમે પ્રાપ્ત કરો છો. ભગવાને 'મારામય થા અને મને પામ' એમ જે કહ્યું તે બહુ મોટા આશીર્વાદ છે કે, 'મારા જેવો થઈ જા.'

સાક્ષીરૂપે ભગવાન શ્રી સ્વામિનારાયણે એમના સમયકાળમાં જે છ મંદિરો કર્યાં, એનું પ્રથમ મંદિર અમદાવાદના કાલુપુરમાં કર્યું ને એ મંદિરમાં નરનારાયણ દેવની મૂર્તિ પધરાવી તેનાં દર્શન આપણે કર્યાં છે. ભગવાનની બાજુમાં ઊભો રહેલો નર – એ અર્જુન, નારાયણરૂપ બની ગયો. બોલો નરનારાયણ દેવની જય ! અક્ષરરૂપ થઈને પુરુષોત્તમને ભજવાની વાતનો સ્પષ્ટ નિર્દેશ ભગવાને અહીંયાં આ આશીર્વાદમાં અર્જુનને આપીને પોતાની સાથે જોડાવાની વાત કરી છે. અને જે ખરેખર જોડાય એ પ્રભુરૂપ બની જાય એ આશીર્વાદ સાથે ભગવાન આગળના અધ્યાયમાં લઈ જાય છે.

પાંચમો અધ્યાય છે : કર્મ સંન્યાસ યોગ. આ જે ચોથો–પાંચમો–છઠ્ઠો–સાતમો અધ્યાય છે, તે થોડા જ્ઞાનના અને અઘરા અધ્યાય છે. પણ, આપણે સહેલું સહેલું અને આપણને અનુકૂળ આવે એટલું સમજવું ને એમાંથી થોડું ઘણું પણ ચાંગળું આચરણમાં મૂકવું. ગુણાતીતાનંદસ્વામીએ બહુ સુંદર વાત કરી છે કે, 'ગંગા નદીના કિનારે બેસીને લાખ દેગડા પાણીને તમે તમારા શરીર પર ઢોળો તોપણ તરસ છીપે નહિ. પણ ગંગાજળનું એક ચાંગળું પાણી ખોબામાં લઈને જો આચમન કરીએ તો તરત તરસ છીપી જાય.' એમ, આ તો બહુ મોટો સાગર છે ! 'મહાભારત' ગ્રંથનું એક ચૅપ્ટર તે 'ગીતા' છે. અને એમાં ભગવાને અર્જુનની સઘળી શંકાઓનું સમાધાન કર્યું છે. આમાં મુદ્દો એટલો જ કહેવા માંગું છે કે, આ તો ભગવાનની પરમ વાણી છે. પણ જે આપણું અંગ નથી અને જે વિષયનો આપણને પ્રશ્ન જ ઊભો થતો નથી, તો પછી એની પડાપૂછ શું કરવા કરવી ? ભાઈ તારે મમ મમ સાથે કામ છે કે, ટપ ટપ સાથે ? આ ક્યા ખેડૂતના ખેતરની બાજરી છે ? એણે કોણે લણેણી ? એણે કોણે વાળેલી– ઝૂડેલી ? એણે કોણે દળેલી ? એના લોટમાં મોણ શેનું નાખ્યું ? ને એના રોટલા કોણે ટીપ્યા ? ત્યારે આપણે તેને કહીએ કે, છાનોમાનો ખાઈ લેને ! ભૂખ ખાધા પછી જ જશે. એમ, આપણે પણ ઘણીવખત અધ્યાત્મમાર્ગે જાણે કે શીય પ્રગતિ કરવી હોય એમ, એટલા બધા પ્રશ્નો, એટલી બધી માહિતી, એટલી બધી વિગતો જાણવાની ઈચ્છા કરતા હોઈએ છીએ ! હવે આવા સેવકોને સમજાવવું હોય તો કહેવું પડે કે, તારે મમ મમ જોડે લેવા-દેવા છે કે ટપ ટપ જોડે ? જે ખાધાથી ભૂખ મટે છે એવું જે ભગવાનનું દિવ્ય સ્વરૂપ, તે સદેહે તમને મળ્યું છે, એમાં જોડાઈ જાવ. તમારું જે અંગ હશે તે અંગે તમને તેમનું સુખ આવશે. તેઓ તો માધ્યમ છે, શરીર છે, પણ તમારું જે અંગ છે, તેનાથી તમને સુખ આપશે. પ્રેમલક્ષણા ભક્તિ કરો, જ્ઞાનભક્તિ કરો, સેવાભક્તિ કરો, કર્મયોગ કરો ; પણ કશુંક એક લઈને મંડી પડો. મોટે ભાગે વાતો કરનારા વાતો જ કર્યા કરે છે, કશું લઈને મંડી પડતા નથી, પરિણામે કશું પામતા પણ નથી. બધું બહુ જાણે, બધું બહુ સમજે પણ કશું આચરણમાં ના હોય. અને આચરણમાં ના હોય ત્યાં સુધી એનું સુખ મળતું નથી, એવી પણ ભગવાન સ્પષ્ટ વાત કરે છે.

હવે કર્મ-સંન્યાસ યોગમાં સંન્યાસની વ્યાખ્યા કરી કે, સંન્યાસી કોણ ? સંન્યાસની વાત આવે એટલે સંસારી માણસ ગભરાઈ જાય કે, સાલું આ બધું છોડી દેવાનું હવે ? આટલી મહેનત કરીને બધું ભેગું કર્યું એને મૂકીને હવે નીકળી જવાનું ? પણ આ પાંચમા અધ્યાયમાં નિત્ય સંન્યાસીની બહુ સુંદર વ્યાખ્યા કરતાં ભગવાન કહે છે, *નિત્ય સંન્યાસી તું એને જાણ કે, જે નથી કરતો દ્વેષ કે નથી રાખતો ઈચ્છા, હે મહાબાહો ! જે દ્વંદ્વતાથી મુક્ત છે અને સહેલાઈથી બંધનમાંથી છૂટી જાય છે.* સંન્યાસ દબાણ કરીને લેવડાવાય નહિ, સંન્યાસ પરાણે લેવાય નહિ અને સંન્યાસ કોઈને જોઈને પણ લેવાય નહિ. એની વાત અહીંયાં ભગવાન શ્રીકૃષ્ણે કહી છે.

સહેલાઈથી બંધનમાંથી છૂટી શકાય તેવી મુક્તિની વાતને સ્વામિનારાયણ ભગવાને ગામડાંના ગરીબ ખેડૂતો સમજી શકે તેવી રીતે કરી છે. એક માખણનો પિંડ હોય અને તે પિંડમાં વલોણું કરનારી ગૃહિણીનો વાળ પડ્યો હોય, એ વાળને પિંડમાંથી દૂર કરવો હોય તો કેટલો સમય લાગે ને કેટલું કષ્ટ પડે ? માખણ પોતે જ સ્નિગ્ધ છે એટલે વાળ પકડીને બહાર મૂકી દેવામાં ના કોઈ સમય લાગે, ના કોઈ ઘર્ષણ થાય કે ના કોઈ કષ્ટ થાય અને કોઈને ખબર પણ ના પડે કે આમાં વાળ પડેલો હતો. એમ, ભગવાન કહે છે, 'જે મારામાં જોડાય છે, મારામય થાય છે તે મને પામે છે.' આટલી સહજતાથી દેહના ભાવથી આત્માને જુદો કરીને પરમાત્મા સાથે એકરૂપ થઈ શકાય છે. આવી સરળ ગુજરાતી ભાષામાં સ્વામિનારાયણ ભગવાને મુક્તિની–મોક્ષની વાતને સમજાવી છે. ભગવાને કહ્યું કે, 'માખણમાંથી મુવાળો જેમ ઉપાડે તેમ આ શરીરમાંથી આત્માને ઉપાડી લઈશું.' બાકી તો દેહમાંથી જ્યારે આત્માને ઉપાડે છે ત્યારે કેવું કષ્ટ પડે છે તે પણ આપણે આપણા પરિવારમાં કોઈના મૃત્યુ સમયે જોયું છે અને આપણો વારો આવશે ત્યારે આપણે અનુભવીશું. તોપને મોંઢે તૂંબડાં સઘળાં ઊડી જવાનાં... ભગવાન અહીં સંન્યાસની વાત કરે છે.

*જે કર્મયોગી છે, જેનું હૃદય શુદ્ધ છે, મન અને ઈન્દ્રિયો પર જેનો સંયમ છે, અને જે સર્વભૂતોને પોતાના જેવા માને છે, તે કર્મયોગી કર્મો કરવા છતાં પણ લેપાતો નથી.* લેપાવું અને લેવાવું. રોજિંદી ક્રિયાઓમાં આપણે લેવાઈ જઈએ છીએ. કોઈની વાત સાંભળી તેને સાચી માની લઈએ છીએ. એમાંય અભાવ, અવગુણ, ખટપટ, નિંદાની કોઈ વાત કરે ત્યારે આપણે કેટલી ધ્યાન દઈને સાંભળીએ છીએ અને એમાં કેવા લેવાઈ જઈએ છીએ, લપેટાઈ જઈએ છીએ ! અને પછી એ વાત જે આપણે સાંભળી અને જે ખરેખર સત્ય નથી, તોપણ કેટલા બધા લોકોને પાછી કહીએ છીએ !

જે કર્મયોગી છે, જેનું હૃદય શુદ્ધ છે, સંયમી છે, સંન્યાસી છે અને જે સર્વભૂતોને પોતાના જેવા માને છે, તે કર્મયોગી કર્મો કરવા છતાં લેપાતો નથી. આ મુદ્દો છે. સર્વભૂતોને એટલે કે જીવ–પ્રાણીમાત્રને પોતાનાં જેવાં જ

માને છે. અહીંયાં એક વાત સમજવાની છે કે, હું આવો ગંદો છું, ગોબરો છું, મારામાં આટલા દોષ છે, આટલી ત્રુટિઓ છે, આટલી ખામીઓ છે, છતાં પણ ગુરુએ-પ્રભુએ મને ગ્રહણ કર્યો છે; તો એમનો કેટલો બધો ઉપકાર છે ! તેમ આ બીજાં બધાંને પણ ભગવાને ગ્રહણ કર્યાં છે, તો ભગવાનનો જેમ મારી પર ઉપકાર છે તેમ તે બધાંની ઉપર પણ ઉપકાર છે; તે સર્વભૂતોને પોતાનાં જેવાં માન્યાં કહેવાય.

યોગીબાપાનો જીવન-અનુભવ મને છે. એમણે પોતે પણ 'યોગીગીતા'માં 'જીવનભાવના'માં કહ્યું છે કે, 'કાલ સવારનો આવ્યો હોય ને હાલો-પોલો હોય તોય પણ હું એને માથાનો મુગટ સમજું.' એકવખત સ્વયંસેવકોએ મંદિરમાં આવેલા ચંપલચોરને રંગે હાથ પકડ્યો ને યોગીબાપા પાસે લઈ આવ્યા. એને નીચો નમાવીને કહ્યું કે, 'બાપા આ ચંપલ ચોરવા આવ્યા છે, ચોર છે.' સ્વયંસેવકો તો એમની ફરજ બજાવી રહ્યા છે. પણ ત્યારે યોગીબાપા શું કહે છે ! 'ના હોય, ના હોય, એ તો દર્શન કરવા આવ્યા છે.' આ પોતા જેવા માન્યા કહેવાય. પોતે નિર્દોષ છે, પોતે બ્રહ્મરૂપ છે, પોતે બ્રહ્મસ્વરૂપ છે; તો સર્વજીવોને પણ નિર્દોષ ને બ્રહ્મરૂપ દેખે છે. સંપ્રદાયમાં આપણે 'નિર્દોષ માનો, નિર્દોષ માનો' એમ જે કહીએ છીએ અને આપણને નિર્દોષબુદ્ધિનો એકડો ઘૂંટાવવામાં આવ્યો છે. તે માટે યોગીબાપાએ પણ કહ્યું કે, 'નિર્દોષબુદ્ધિ જેવી બીજી કોઈ ઉચ્ચ ભક્તિ નથી.' બીજી ભક્તિ આપણે કરીએ છીએ, પરંતુ, 'બીજું કાંઈ ના કરીએ અને ભગવાનના ભક્તોને નિર્દોષ માનીને બેઠા રહીએ તોય ભગવાન સોડમાં આવીને રોટલા આપી જાય,' એવું ગુણાતીતાનંદસ્વામીએ વરદાન આપ્યું છે. એટલે ભગવાને કહ્યું કે, 'જે મારામય બને છે, તે મને પામે છે અને મને પામે છે તો જેમ આ બધાંમાં હું જ વ્યાપીને રહ્યો છું - એ જે મારી બ્રહ્મદષ્ટિ છે, એવી તારી પણ થાય, સર્વભૂતો પોતાનાં જેવાં જ મનાય.' પણ અત્યારે તો તારે કર્મ કરવાનું છે. આ સ્થિતિ પ્રાપ્ત કરવાની વાત આગળ આવે છે.

*જોતાં, સાંભળતાં, સ્પર્શ કરતાં, સૂંઘતાં, ખાતાં, ચાલતાં, ઊંઘતાં અને શ્વાસ લેતાં, બોલતાં, છોડતાં, પકડતાં, આંખ ઉઘાડતાં કે બંધ કરતાં, કેવળ ઈન્દ્રિયો જ પોતાના વિષયાર્થો પ્રત્યે વર્તે છે, એમ સમજીને તત્ત્વજ્ઞાની યોગી 'હું કશું જ કરવાવાળો નથી', એમ માને છે.*

સ્વામિનારાયણ ભગવાને એક 'વચનામૃત'માં આ જ શબ્દપ્રયોગ કર્યો છે કે, 'ખાતાં-પીતાં, હરતાં-ફરતાં, બેસતાં-ઊઠતાં...' અને ત્યાં સુધી ચોખવટ કરી કે, 'શુભ ક્રિયાને વિષે કે અશુભ ક્રિયાને વિષે જે અમારું અખંડ અનુસંધાન રાખે છે તેને બીજું કાંઈ કરવાનું રહેતું નથી.' એટલે કે, આ બધું કરતો હોવા છતાંય પણ એને જે કર્મ કરે છે તે કર્મનો પાશ કે એનો લેપ લાગતો નથી. અર્જુનને સમજાવવા માટે ભગવાન આટલી બધી સરળ ભાષામાં કહે છે. જે ક્રિયાઓ આપણે શરીરના માધ્યમ દ્વારા કરીએ છીએ, તે ક્રિયાઓ કરીએ પણ સતત 'હું ભગવાનનો ને ભગવાન મારા' તે અનુસંધાન રાખીએ. આમાં પણ પહેલું સૂત્ર છે - 'હું ભગવાનનો' પછી 'ભગવાન મારા' આપણે પહેલાં ભગવાનના થવું પડે. 'હું ભગવાનનો...' તો ભગવાને કહ્યું કે, 'તું મને જ પામીશ.' - તો ભગવાન મારા. આ ભક્તિનો ભાવ, આ સમર્પણનો ભાવ ભગવાન અર્જુનને માધ્યમ રાખીને આપણને સર્વને સંભળાવે છે, સમજાવે છે.

એની સાથે સાથે આ કર્મસંન્યાસની વાત શિખવાડીને બહુ સારું દૃષ્ટાંત આપે છે કે, *જેમ કમળપત્ર પાણીના આધારે હોવા છતાં પાણીથી ભીનું થતું નથી એમ, જે સાધક, પરમાત્માને આધારે સંગ ત્યજીને કર્મો કરે છે તે પાપથી લેપાતો નથી.* આપણી હિન્દુ સંસ્કૃતિમાં 'જળકમળવત્' એવો એક શબ્દપ્રયોગ થાય છે. જળમાં રહેલા કમળની માફક આ સંસારમાં તમે જીવતાં શીખો. કમળ એ આપણી ભારતીય હિન્દુસંસ્કૃતિનું પ્રતીક છે. વરસાદ વરસ્યો હોય ને ક્યાંક કમળતળાવડી હોય ત્યાં જોવા મળે તો જોજો કે, કમળનાં મોટાં થાળી જેવાં લીલાં પાન પર બિંદુ પડ્યું હોય. અમે તો રમત કરવા માટે એ બિંદુને પાન પર આમતેમ દોડાવીએ પણ ન તો પાનનો સંગ બિંદુને લાગે કે ન તો બિંદુનો સંગ પાનને લાગે. અને એમાંય જ્યારે ઋતુ ફળે ત્યારે કમળ ખીલે. આ કમળનું પુષ્પ પણ આપણને ગુરુમુખી-પ્રભુમુખી થવાનો દિવ્ય સંદેશ, પ્રેરણા આપે છે. કમળનું પુષ્પ હંમેશાં સૂર્યમુખીના પુષ્પની માફક સૂર્યની સન્મુખ જ મુખ ખુલ્લું રાખીને ખીલે છે ને સૂર્ય આથમે એટલે સંકોચાઈ જાય છે. આમ, આપણને સૌનેય પણ જળકમળવત્ ક્રિયા કરવાનું શિક્ષણ આપવા માટે ભગવાને આ 'ગીતા'ના માધ્યમ દ્વારા સંદેશો આપ્યો છે. અને ખરેખર તો આપણી સંસ્કૃતિના સંસ્કાર જ એ છે કે, જળકમળવત્ ક્રિયા કરવી - આ કર્યું ને આ મૂક્યું.

એક સાધુની કથા છે. રસ્તે ચાલતાં ચાલતાં એક દોરડું મળ્યું. કોઈ ખેડૂતના બળદગાડામાંથી પડી ગયું હશે. એટલે સાધુએ તેને ક્યાંક કૂવો-કૂવી આવશે ત્યારે પાણી સીંચવા દોરી કામ લાગશે તેમ સમજીને ખભે નાંખ્યું. સાધુ તો પોતાના પ્રભુની સ્મૃતિ કરતાં કરતાં મસ્તીમાં ચાલતા જતા હતા. ત્યાં રસ્તામાં કૂવી આવી ત્યારે ખભા પર હાથ નાખ્યો કે પેલી દોરીથી સીંચીને પાણી કાઢીએ. તો દોરી હતી જ નહિ. જેમ રસ્તા પરથી મળી હતી, તેમ ચાલતાં ચાલતાં રસ્તા ઉપર ક્યાં પડી ગઈ તેની ખબર જ ના રહી. કર્મ કરે છે - ભગવાનને સંભારતા સંભારતા, તો શું મળ્યું ને શું છૂટી ગયું તેની સ્મૃતિ રહી નહિ એટલે એક લીટીમાં બોલ્યા, 'રસ્સા પાયા હી નહિ થા.' 'અરર... આ દોરડી મળી હતી ને આ કૂવો આવ્યો ત્યારે જ દોરડી જતી રહી ને હવે પાણી કેવી રીતે પીશું ? ને તરસે મરી જઈશું' - એવું કંઈ વિચારવાને બદલે કહે છે, દોરડી મળી જ નહોતી. દુઃખને મટાડવાનું આ ટૂંકામાં ટૂંકું સૉલ્યુશન ! ◆

*(ક્રમશઃ)*